Extra No. 340

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **MONDAY, SEPTEMBER 22, 2025 / BHADRA 31, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) મુજબનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૧૧૮૧૯ થી ૧૧૮૮૩/૨૦૨૫.-આગામી તા.૨૨/૦૯/૨૦૨૫ થી તા.૦૧/૧૦/૨૦૨૫ સુધી આસો નવરાત્રિ પર્વ તેમજ તા.૦૨/૧૦/૨૦૨૫ના રોજ દશેરા તહેવારની ઉજવણી થનાર છે. આ તહેવારો દરમ્યાન શહેરી વિસ્તારોમાં જિલ્લા બહારથી, રાજ્ય બહારથી જાણીતા ઓરકેસ્ટ્રા ગૃપોને બોલાવી એન્ટ્રી પાસ રાખી અથવા આમંત્રણ પત્ર છપાવી અને કોમર્શીયલ પ્રકારના સ્પર્ધાત્મક રાસ-ગરબાના કાર્યક્રમોનું મોટા પાયે આયોજન થતું હોય છે. જેથી આવા મોટા પાયે કોમર્શીયલ અને સાર્વજનીક રીતે યોજવામાં આવતા દાંડીયા રાસ, ગરબા, મ્યુઝીકલ નાઈટ્સ કાર્યક્રમ યોજતી સંસ્થાઓએ હાલની સલામત પરિસ્થિતિની દ્રષ્ટિએ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ બનવા ન પામે તથા એકત્રિત માનવ મેદની વગેરે બાબતે ચોકસાઈ અને તકેદારી રાખી શકાય તે માટે અનુસૂચિમાં જણાવેલ બાબતોનો કોમર્શીયલ રીતે સ્પર્ધાત્મક ગરબાઓના ટીકીટ કે એન્ટ્રી પાસ સિસ્ટમથી યોજાતી સંસ્થા/વ્યક્તિઓને અમલ ફરમાવવા સારૂ ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩(૧) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે

વાસ્તે, વાસ્તે હું વી.સી.બોડાણા(GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ તા.૨૨/૦૯/૨૦૨૫ થી તા.૦૨/૧૦/૨૦૨૫ સુધી અનુસૂચિમાં જણાવેલ વિગતોનો અમલ કરવા માટે ફરમાવુ છે.

અનુસૂચિ :-

(૧) તમામ પ્રકારના ગરબાઓ મોડામાં મોડા સત્રિના ૧૨-૦૦ વાગ્યા સુધી જ ચાલુ રાખી શકાશે.

(૨) દરેક સંસ્થા/વ્યક્તિએ સ્થળ અંગેનું પરફોર્મન્સ પ્રિમાઈસીસ લાયસન્સ સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટથી પાસેથી નિયમોનુસાર મેળવી સ્થાનિકે રાખવાનું રહેશે.

(૩) સંબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી પાસેથી લાઉડ સ્પીકર વગાડવાની નિયમોનુસારની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૪) ઈલેક્ટ્રીક અંગેના કનેકશનો સબંધિત ઓથોરીટી પાસેથી મેળવી લેવાના રહેશે.

(૫) ફાયર સેફટીના સાધનો કાર્યક્રમ સ્થળે રાખવાના રહેશે.

(૬) દરેક એન્ટ્રી પોઈન્ટ ઉપર ડોરફ્રેમ મેટલ ડિટેક્ટર રાખવાના રહેશે.

(૭) દરેક એન્ટ્રી પોઈન્ટ ઉપર તથા પાર્કિંગની જગ્યાએ સી.સી.ટી.વી. કેમેરા લગવવાના રહેશે.

(૮) કાર્યક્રમમાં અવર-જવરનું રેકોર્ડીંગ (વિડિયોગ્રાફી) કરવાનું રહેશે અને કરેલ રેકોર્ડીંગની સીડી જીલ્લા પોલીસ કન્ટ્રોલરૂમને આપવાની રહેશે.

(૯) પાર્કિંગ માટે પુરતી વ્યવસ્થા રાખવાની રહેશે.

(૧૦) સિક્યુરીટીના માણસો સલામતી માટે રાખવાના રહેશે.

(૧૧) ગરબીના આયોજકોએ તેમની સંસ્થા/મંડળનું નામ. ગરબીનું સ્થળ, આયોજકોનું નામ-મોબાઈલ નંબર તથા કાર્યકરોની સંપૂર્ણ વિગતો સબંધિત વિસ્તારના પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૧૨) નવરાત્રિ મહોત્સવ દરમ્યાન દરેક સંસ્થા/વ્યક્તિએ નવરાત્રિ / શરદપૂનમના રાસગરબાના સ્થળે પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઈ ગંદકી કે કોઈ રોગચાળો ન ફેલાય તે માટે અગમચેતીના પગલા ભરવાના રહેશે.

(૧૩) દરેક સંસ્થા/વ્યક્તિએ રાસગરબાના સ્થળે કે બહારના ભાગે સળગી ઉઠે તેવા જ્વલનશીલ સામગ્રી કે પદાર્થ કે પ્રવાહી રાખવાના રહેશે નહિ.

(૧૪) દરેક સંસ્થા/વ્યક્તિએ અત્રેની કચેરી / સરકારશ્રી દ્વારા ઈસ્યુ થયેલ તમામ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ જાહેરનામાના કોઈપણ ખંડ કે ભાગનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ / સંસ્થા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલિસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિસંસ્થા / સંસ્થા સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગ રીતે હુકમની બજવણી કરવી / કરાવવી શકય ન હોઈ આથી એક તરફી ફરમાવવામાં આવે છે.

આજ રોજ તા. ૨૦/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

વી.સી.બોડાણા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 17:01:11 IST